Sahitya Manthan
A Peer-Reviewed, Open Access e-journal
ISSN: 2582 6867, Website: http://www.sahityamanthan.in
Year-2, Issue-3, Continuous Issue-9, September October-2021

# જયંત ખત્રીની વાર્તાઓમાં કચ્છી પરિવેશ

ગુજરાતી સાહિત્યમાં વાર્તાકાર જયંત ખત્રી એક અવિસ્મરણીય ઘટના છે. ઓગણસાઠ વર્ષનું આયુષ્ય, અઢી દાયકા જેટલા સર્જક કાળમાં જયંત ખત્રી પાસેથી પચાસેક ટૂંકીવાર્તાઓ, 'ચમારચાલ' નામે એક અપૂર્ણ નવલકથા, 'મંગલ પાંડે' એકાંકી, અને 'હત્યા' એકોક્તિ ઉપરાંત વ્યાખ્યાનો, લેખો પાત્રો મળીને સર્જન ક્ષેત્રે 'ઓછું છતાં સત્વશીલ સાહિત્ય' થકી નોંધપાત્ર અને 'પ્રભાવક' પ્રદાન રહ્યું છે. એમની વાર્તાઓમાં પરંપરાનાં અનુસંધાનની સાથે આધુનિકતાનું અનુસંધાન પણ જળવાય છે. કથયિતવ્ય કરતાં વાર્તાશિલ્પને વિશેષ મહત્વ આપતા જયંત ખત્રી ઘટના અને પ્રસંગ બાહુલ્યતાનાં પાયા પર સત્વશીલ અને વૈયક્તિક મુદ્રાવાળી વાર્તાઓમાં રમણીય આકારો સર્જી શક્યા છે.

એમની વાર્તાઓ 'ખરા બપોર', 'ફોરાં' અને 'વહેતાં ઝરણાં' નામે સંગ્રહિત થયેલી છે. એ ઉપરાંત આઠ જેટલી વાર્તાઓ જુદા જુદા સામયિકમાં પ્રકાશિત થયેલી છે. ઘટના બાહુલ્ય અને ઘટનાલોપની આસપાસ ઉછળતા પ્રયોગશીલતાનાં મુદ્દાનેં ગણકાર્યા વગર જયંત ખત્રીએ જે રજૂ કરવું હોય તે સોંસરવું ઉતરી જાય એવી રીતે રજૂ કરી દીધું છે. 'લોહીનું ટીપું', 'આનંદનું મોત', 'હું', 'ખીચડી', 'સિબિલ', 'અમે બુદ્ધિમાનો', 'તેજ ગતિ અને ધ્વનિ', 'યાદ અને હું', 'ડેડ એન્ડ', 'કાળો માણસ', 'ખલાસ', 'ધાડ', 'ખરા બપોર', 'હીરો ખુંટ', 'નાગ', 'માટીનો ઘડો' વગેરે વાર્તાઓનું વૈવિધ્ય જયંત ખત્રીને જીવનનો કેટલો નિકટતાથી અને સઘનતાથી પરિચય હશે, એનો સુખદ અનુભવ હંમેશા ભાવકને કરાવે છે. માનવજીવનનાં ઉત્થાન-પતન કે એવી અન્ય પરિસ્થિતિના વિસ્તૃત ફલકને તેમણે વિષય તરીકે વાર્તાઓમાં વણી લીધો છે.

જયંત ખત્રીએ લખેલી વાર્તાઓમાંથી કચ્છ પ્રદેશનો લાક્ષણિક પરિવેશ વિશિષ્ટતાથી રજૂઆત પામે છે. ભૌગોલિક રીતે કચ્છ અત્યંત વિલક્ષણ પ્રદેશ છે, રણ, સમુદ્ર અને પહાડ, અતિવૃષ્ટિ, ભૂકંપ અને દુષ્કાળ કચ્છના પ્રજાજીવન પર ઊંડો પ્રભાવ પાડે છે, ટુંકીવાર્તામાં આ પ્રભાવ કલાત્મક રીતે ઝીલાય છે. કચ્છ પ્રદેશની આ વિલક્ષણતા જયંત ખત્રીની વાર્તાઓમાં પુરેપુરી પ્રગટે છે. તેમની સર્જકતાનો સબળ સંસ્પર્શ પણ કચ્છના પરિવેશને લીધે વર્તાય છે. લેખક તરીકેના સામર્થ્યમાં કચ્છ પ્રદેશનાં નિકટ અનુભવનો સૌથી મોટો ફાળો છે. 'એમને કચ્છ પ્રત્યે મમતા હતી એનો અર્થ એ કે એમને એ ધરતીના અસલ માનવીઓ પ્રત્યે, એમની વ્યથાઓ પ્રત્યે મમત્વ ભાવ હતો. એમની ખાસિયતોને – એમની મર્યાદાઓ સમેત – એ ચાહતા હતા. આથી જ તો ડૉ.ખત્રી એમનું ચિત્રણ કરતી વખતે તેમનો નર્યો ગુણાનુવાદ નથી કરતા પરંતુ તેમની લાક્ષણિકતાઓ તર્કસંગત રીતે અને સ્વસ્થતાથી પ્રગટ કરે છે.' ૧

જયંત ખત્રીની વાર્તા 'ધાડ'નું પાત્ર 'ઘેલો' કહે છે : "દોસ્ત પ્રાણજીવન, તું એક વાર મારે ગામડે આવ, આ ધરતીની લહેજત ત્યાં આવ્યા વિના મળતી નથી અને એ ધરતી વચ્ચે જ ત્યાં ના માણસોનાં મન પારખી શકાય છે."- એ વાક્ય એમની વાર્તાઓને સમજવાની ગુરુચાવી છે. જયંત ખત્રીની વાર્તાઓમાં રચાતી પ્રાદેશિકતા અને વાતાવરણ એ એમની આગવી વિશેષતા છે. પાત્રાલેખન, પ્રતીક, પ્રકૃતિ વર્ણન, પ્રાદેશિકતા અને સ્થળ, કાળનાં સંદર્ભોથી જયંત ખત્રીની વાર્તાઓમાં કચ્છી પરિવેશ રચાય છે. જે પરિવેશમાં પાત્રોની ગતિવિધિથી ઉઘડતો કચ્છ પ્રદેશ એમની વાર્તાઓની અનન્યતા સિદ્ધ કરે છે. જીવન સાથેનાં પ્રત્યક્ષ અનુભવને વાર્તા લેખન માટેની પહેલી શરત માનતા જયંત ખત્રીની વાર્તાઓમાં જીવાતા જીવન સાથેની નિસબત થકી સચ્ચાઈનો રણકો વર્તાય છે. આગવી વર્ણન કળા, સંવાદ કૌશલ્ય અને પાત્રગત ભાષા જયંત ખત્રીની અભિવ્યક્તિને તાજગી બક્ષે છે.

જયંત ખત્રીની વાર્તાઓમાં નિર્માણ પામતા કચ્છી પરિવેશમાં ગ્રામ્યજીવન અને એની સામે સમાંતર ચાલતા શહેરી જીવનનું આલેખન થાય છે. 'લોહીનું ટીપું' વાર્તામાં બેચર અને

કનૈયાનાં સંબંધની વાત દ્વારા લેખક અસ્તિત્વની વિષમતાને જૂદી રીતે આલેખે છે. નગરમાં આવેલી જેલ અને ગામડામાં આવેલી ધર્મશાળાનાં દ્રશ્યોથી નગર અને ગ્રામ બન્નેનો પરિવેશ નિર્માય છે. "એક તો એ અષાઢ મહિનો, અષાઢનો ભાર ઝીલીને ગર્ભવતી બનેલી મસ્ત ધરણી. અને હવાએ ફૂંકાતાં કાળાધોળા વાદળોની પાછળ લપાતો-છુપાતો પૂનમનો ચંદ્ર !" [૩] અહીં નિરૂપાયેલ વાતાવરણ બેચરના મનોસંચલનોને પુષ્ટ કરે છે. એકલતા, રાત, અને યુવાનીનાં ઉંબરે ઊભેલી હલીમા, પાંચ વર્ષની જેલ ભોગવીને છૂટેલાં બેચરમાં ટૂંટિયું વાલીને પડેલી કામવાસના  હલીમાને જોઈ અચાનક જાગી ઉઠે છે. પ્રાકૃતિક તત્વો થકી બેચરનો આંતરદ્વંદ આલેખાયો છે.

'હીરો ખૂંટ' વાર્તાના આરંભે આવતાં વર્ણનમાં આલેખાયેલાં ગ્રામ જીવનમાંથી કચ્છી પરિવેશ નિરુપાય છે: "આંધી ચાલી ગઈ એટલે હું અને હરિ આકડાના જૂથ માંથી ધૂળ ખંખેરતાં બહાર નીકળ્યા. અમે જ્યાંથી ચાલી આવ્યાં હતા એ લૂખી ભૂખી ધરતી પર મેં ધૂળનો ગોટો અંધારું પાથરતો ચાલી જતો જોયો." [૪] અહીં કચ્છની ધરતીના જુદા જ મિજાજ દ્વારા જયંત ખત્રી કચ્છી પરિવેશ રચે છે.

'ખીચડી' વાર્તામાં સાવ સાદી કથન રીતિ, ટૂંકા વાક્યો દ્વારા કચ્છી પરિવેશ રચાય છે. "નીચે બે ખંડ, ઉપર મેડી, નાની ફળી, લીંબડાનું ઝાડ, થોડાક ઉંદર અને એક ગલુડિયું, બાજુમાં શંકરશેઠનું મોટું મકાન, જરા દૂર નાનાંમોટાં મકાન, જેવાં તેવા માણસ, એની પાછળ મંદિર, વચમાં સિનેમા અને પાછળ મસ્જિદ અને અને તેનીય પાછળ બગાસું ખાતાં ખાતાં જ્યાં લખડીનીં આંખ ગુમાઈ જતી, એવું રંગ અને મિજાજ બદલ્યે જતું આકાશ !" [૫] આ વર્ણનમાં 'લખડી'નાં ઘરની સાથે કચ્છનું ગામડું તાદ્રશ થાય છે.

'કૃષ્ણ જન્મ'નો આરંભ પરિવેશ નિર્મિતિનાં ખ્યાલથી કરવામાં આવ્યો છે. "મીઠાઈની બજાર, ચાની હોટલોની હરોળ, કટલરીની ફેન્સી દુકાનો, ઝળહળતી વીજળીની બત્તીઓ, મેડી

પર દુકાનો પર અને હોટલોમાં વગતા રેડીઓ-ગ્રામોફોનનનાં બુમબરાડા, રસ્તા પરની ગીરદી માંથી ઊઠતો ગણગણાટ, આજની રાત જન્માષ્ટમીની હતી" તો વળી 'તેજ ગતિ અને ધ્વનિ' વાર્તામાં ગ્રામજીવનની અને ખાસ કરીને જાગીરદારોની જાગીરની વાત સાથે મનના તનાવોને જયંત ખત્રી વિલક્ષણ રીતે આલેખે છે. 'મોટા ઓરડાની છત માંથી પાંચ પોતા ઝુમ્મર, એની નીચે જૂની ઢબનું સીસમના લાકડાનું કોતરકામવાળું ફર્નીચર, એક મોટું ગોળ ટેબલ, સોફા, ખુરશીઓ ખૂણામાંના નાનકડાં વિવિધ ફૂલના છોડવાં....એ મોટા ઓરડા પાછળ ત્રણ શયનખંડ, વચમાંનો ચોક અને તેની પાછળ રસોડું, ઉપરના માળ પર એવો જ ઓરડો, બે બીજાં ખંડ અને બંગલાનાં દરવાજા સામે વિશાલ ઝરુખો – આટલી સમૃધ્ધિ અને આટલી બધી મોકળાશ વચ્ચે પ્રશાદજી ધસતા.' [૬] એની સામે ઘેલાનાં ઘા નું વર્ણન પણ જોવા જેવું છે. 'ઝુંપડીની છત પર ગોઠવાઈને વ્યવસ્થિત રીતે મુકાયેલું ઘાસ, બારી બારણા પર ખંતથી કરેલું મોટા આભલા મંડિત માટીનું કોતરકામ, સુંદર લીંપેલા અને કાળજીપૂર્વક સ્વચ્છ રાખેલા ઓટલા સ્વચ્છ અને સુઘડ જરૂર હતા, કળામય પણ હતા. પણ.... પણ, એ બધામાં કોઈ એક વિકૃત જીવો હતો અને એ કશુંક બોલી રહ્યો હતો.'

અહીં 'ધાડ'માં કચ્છના ગ્રામ્યપ્રદેશનું પરિવેશ છે. મોંધી અને ઘેલાનાં પાત્રોને કારણે એ ચિત્ર વધારે રમણીય બને છે. જયંત ખત્રી કચ્છમાં જન્મ્યા અને ઉછર્યા હતા, કચ્છની સૂકી વેરાન ધરતી પર એમને ભારે પ્રેમ હતો. રણની એ અકળ વેરાન ધરતીની વેરાનતાનાં ચિત્રો એમનાં વાતાવરણ નિરૂપણથી નિષ્પન્ન થતાં પરિવેશમાં ડગલેને પગલે જોવા મળે છે. તેમાં મુર્તતા, સુરેખતા, રંગીની અને જીવંતતા છે, એની સાથે કચ્છ પ્રદેશની નક્કર વાસ્તવિકતા પણ છે. વેરાનાતા વચ્ચે જીવતા અને ઝઝૂમતા માનવીઓનું, તેમનાં પ્રાકૃતિક પરિવેશ સહિત દર્શન થાય છે. આ માનવીઓમાં કચ્છના મિજાજને પ્રગટ કરતા ખેલંદાઓ છે અને મોત ની સામે બાથ ભીડતા પાત્રો પણ છે. ગરીબીને શરીરના અંગની જેમ જોડે રાખીને જીવતા પાત્રોથી તો જયંત ખત્રીની

વાર્તાઓ સભર છે. આ પાત્રો જે વાતાવરણ અને પરિવેશમાં જીવે છે, શ્વસે છે તેની સાથે એકરૂપ થઇ જાય છે. જીવતરને પ્રકૃતિ સાથે સંમિશ્રિત કરીને આવતા આ પાત્રોનાં શ્વાસમાં કચ્છની ધરતી ધબકતી રહી છે. 'ધાડ' વાર્તાના પાત્ર 'પ્રાણજીવન'નાં મુખે લેખક નોંધે છે કે " કોઈક વર એ (ઘેલો) વાત કરતો – ત્યાં એવી વાંઝણી ધરતી હતી કે એની છાતી માંથી કોઈ દહાડો ધાવણ આવતું જ નહીં. ધૂળ, વંટોળિયા, ટાઢ, તડકો, કાંટા, ઝાંખરા અને નિઃસીમ મેદાનોની એ વાતો મને સંભાળવી ગમતી. કારણ મને ધરતી, કોઈ પણ ધરતી, તરફ પ્યાર હતો " [૭] પ્રકૃતિ પ્રત્યેનો લેખકનો પ્રેમ 'ધાડ'વાર્તામાં વ્યક્ત થાય છે.

'માટીનો ઘડો' વાર્તાનું વસ્તુ રણ પ્રદેશની પશ્ચાદભૂમાં રચાયું છે. જેમાં મનુષ્યની દુર્ગમ કામવાસનાનું નિરૂપણ થયું છે. જેમાં લેખકે ઘટન- પાત્ર- મનોભાવ- કાર્યને સમુચિત વાતાવરણ માંથી નિર્માતા પરિવેશ વડે વ્યંજિત કર્યા છે. `અહીં 'માટીનો ઘડો' વાર્તાના અંતે પ્રતીક બની જાય છે. સહેજ બોલકું હોવા છતાં આ પ્રતીક ભાવકને ગમે છે. સાહેબ અને રાણલ સંદર્ભે, એની મનોદશા અને આસપાસનું પરિવેશમાં વાર્તાકારનો કસબ ખીલી ઉઠે છે. વાર્તાના આરંભે તેમાં આવનારી પરિસ્થિતિના ભણકારા સંભળાય છે. "આ વાંઝણી ધરતી પર પ્રાણ પાંગરી રહ્યાં હતા. નાનું, કુણું, સ્વચ્છ, ભાગ્યે જ ત્રણ આંગળ ઊંચું ઘાસ ધરતીની કાયા પર ચુંદડી બનીને લપેટાઈ ગયું હતું. ચુંદડીની જેમ વારે વારે લહેરાતું હતું." [૮] બળબળતી આ રણની ધરતીએ બીજલનાં પૂર્વજોને ભરખી લીધા છે એ અંગેની વેદના એનાં મનમાં જાગી ઉઠે છે. "આ ધરતીને પગ અડે છે ને આખી કાયા પર લાય ફરી વળે છે.... આ ધગધગતી રેતી નીચે અમારાં ઘણાં ખરાં ઘેટાં-બકરાં અને અમારા વડીલોનાં હાડપિંજર સૂતાં છે, એનાં ભેગો હું ય આ ઘડીએ સુઈ જાઉં" [૯]

પાત્રના મનોજગતમાં ચાલતા વિચારો, મનોસંઘર્ષને જયંત ખત્રીએ વાતાવરણ અને પરિવેશ થકી સાક્ષાત્કારક અને સૂચક ચિત્રણથી સ્પર્શક્ષમ બનાવે છે.

“જાગૃતિની પણછ પરથી એનું મન તીર થઇને છૂટી ગયું...” [૧૦]

“એક ઓચિંતા ફાટી નીકળેલા રુદનની ચીસ, કોઈના જીવનની અંતિમ આહ, મૃગજળ તરફ દોડતા કોઈ હરણની બેબાંકળી આંખો, ઊભા થવાની તાકાત ખોઈ બેઠેલા કોઈ ઢોરની કાગડાઓએ ચૂંથેલી આંખો, થાક, તાપ અને તરસથી બે-લગામ બનેલું બરડતું કોઈ ઊંટ, લંગડાતી ડૂસકાં ભરતી, પરસેવે રેબઝેબ કોઈ કુમારિકા.... બંદૂકનો એક ધડાકો અને એની પાછળ વિસ્તાર પામતું નિઃશબ્દ નિરાકાર અવકાશ !” [૧૧] તો વળી કચ્છ પ્રદેશની વસ્તી પર ઉતરતી રાતનું અનોખું રૂપ પ્રગટે છે “ક્યાંક નિઃશબ્દ અંધારું. વાંસ અને ઘાસના અનેકાનેક ઝુંપડાઓનાં કોક દરવાજામાં સજાગ ચૂલો શુક્ર જેવો ટમટમતો દેખાયો” [૧૨]

વિષયોનું સિમિત વર્તુળ હોવા છતાં જયંત ખત્રીની વાર્તાઓમાં જોવા મળતી વિશેષતોમાં નવી પેઢીની હતાશાનું ઘેરી કરુણતાથી નિરૂપણ, સાહજિકતા સભર પ્રકૃતિના વિલક્ષણ ચિત્રો, સાંકેતિકરીતે વાર્તાને આગવો આકાર આપવાની કુશળતા, વિષય નિરુપણમાં વસ્તુસંવિધાનની કુશળતા યુક્ત રીતિ, રંગદર્શિતાને મુખ્ય ગણાવી શકાય.

<u>પાદટીપ</u>

૧. ‘જયંત ખત્રી’, લેખક : ધીરેન્દ્ર મહેતા, સંપાદક : રામણલાલ જોષી, ગુજરાતી ગ્રંથકાર શ્રેણી-૩, ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય-અમદાવાદ, ત્રીજી સંવર્ધિત શુદ્ધિવૃદ્ધિ સાથેની આવૃત્તિ, ૨૦૧૧, પૃષ્ઠ. ૮

૨. ‘જયંત ખત્રીની શ્રેષ્ઠ વાર્તાઓ’, ‘સંપાદક : ચંદ્રકાંત ટોપીવાળા’, આદર્શ પ્રકાશન-અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, નવેમ્બર-૧૯૯૪ પૃષ્ઠ. ૯૪

૩. એજન, પૃષ્ઠ. ૨૨

૪. એજન, પૃષ્ઠ. ૩૧

૫. એજન, પૃષ્ઠ. ૫૮

૬. એજન, પૃષ્ઠ. ૧૩૬

૭. 'ફ્રોર', જયંત ખત્રી, રૂપાળી પ્રકાશન-અમદાવાદ. બીજી આવૃત્તિ, ૧૯૭૨ પૃષ્ઠ. ૯૬

૮. એજન, પૃષ્ઠ. ૪૭

૯. એજન, પૃષ્ઠ. ૧૬૪

૧૦. એજન, પૃષ્ઠ. ૧૬૧

૧૧. એજન, પૃષ્ઠ. ૧૧૩

૧૨. એજન, પૃષ્ઠ. ૨૧૭

---

ડૉ. હિનાબેન કે ગંગર

મુક્તજીવન મહિલા કોલેજ ભુજ (કચ્છ)